# અરવલ્લી જિલ્લામાં ભૂકંપના હળવા ઝટકા અનુભવાયા : ૮ સેકન્ડ સુધી ધરા ધ્રુજી

મોડાસા, તા. ૨૫
ઉત્તર ભારત અને પડોશી દેશ નેપાળમાં આવેલા ૭.૪ ની તીવ્રતાવાળા ભૂકંપના જુદી જુદી જગ્યાએ સતત ૧૦ મિનિટ સુધી ચાલેલા ભૂકંપની અસર દેશના દિલ્હી, યુ.પી., જારખંડ, રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ ગુજરાત જેવા રાજ્યોમાં પણ ભૂકંપના હળવા ઝાટકા અનુભવાયા હતા. જેમાં અરવલ્લી જિલ્લામાં ૧૧.૫૩ કલાકે સતત ૮ સેકન્ડ સુધી ધરા ધ્રુજી હતી. પરંતુ હળવા ઝાટકા હોવાથી મહત્તમ લોકોને જાણ પણ થઈ ન હતી.

અરવલ્લી જિલ્લામાં હમણા થોડાક સમય પહેલા ઉત્તર ગુજરાતમાં આવેલા ભૂકંપની અસરથી લોકો બહાર દોડી આવ્યા હતા ત્યારે ફરીથી આજે નેપાળના કાઠમંડુ અને અનેક વિસ્તારોમાં નોંધાયેલા ભૂકંપની અસર ગુજરાત રાજ્ય ઉપરાંત અરવલ્લી જિલ્લામાં પણ અનુભવાઈ હતી. ભૂકંપની તીવ્રતા નહિવત હોવાથી અને નેપાળ અને ઉત્તર ગુજરાતમાં આવેલા ભૂકંપના આફટર શોક હોવાથી જિલ્લાના પ્રજાજનો ભૂકંપના ઝાટકાથી અજાણ રહ્યાં હતા. પરંતુ ફ્લેટમાં રહેતા રહીશો અને કોમ્પ્લેક્ષમાં ત્રજા, ચોથા માળે ઓફિસ ધરાવતા ધંધાદારીઓ અને કર્મચારીઓની થોડીક સેકન્ડ માટે ખુરશીઓ અને ટેબલ, પંખા હાલક ડોલક થયાનો અણસાર અનુભવ્યો હતો અને થોડીક જ મિનિટમાં નેપાળ અને ઉત્તર ભારતના રાજ્યમાં આવેલા ભૂકંપે વિનાશ સર્જ્યોની જાણ થતાં જિલ્લાના પ્રજાજનોને ભૂકંપથી અરવલ્લી જિલ્લામાં ફક્ત ઝાટકા જ અનુભવ્યા હોવાથી અને કોઈ જ પ્રકારનું નુકશાન થયુ ન હોવાથી હાશકારો અનુભવ્યો હતો.

## પ્રાંતિજના સલાલમાંથી પાર્ક કરેલ આઈશરમાંથી એસીની ચોરી

### ૬.૫૧ લાખના મુદ્દામાલની ચોરી થતા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૫
સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના સલાલ ચોકડી પાસે પાર્ક કરેલ આઈશરમાંથી ૫૪ એસી અજાણ્યા ઈસમો ચોરી જતાં પોલીસ ફરીયાદ થઈ છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સલાલ ચોકડી પાસે રાત્રીના સમયે સાઈડમાં પાર્ક કરેલ આઈશર ગાડીમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ૨૧ સ્પીડ એસી તથા ૩૩ વિંડો એસી જેની કિંમત કુલ ૬ લાખ ૫૧હજારના એસી કોઈ અજાણ્યા ઈસમો ચોરી જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર નિદેશ લીલાભાઈ ગબારીયા રહે. સલાલ દ્વારા ફરીયાદ કરતાં પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ દ્વારા ઘટનાસ્થળે જઈ તજવીજ હાથ ધરી છે. જ્યારે અવાર-નવાર પાર્ક કરેલ ગાડીઓ તથા હાઈવેની દુકાનો ઉપરથી ચોરીઓ થતી હોય છે. જેથી રાત્રીનો પોલીસ રાઉન્ડ થાય તેવી માંગ પણ પંથકના લોકોની ઉઠવા પામી છે.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા આદિવાસી વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ સંચાલિત તપોવન વિદ્યા મંદીરમાં પ્રથમ વાર્ષિકોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા તપોવન વિદ્યા મંદીરના તેજસ્વી તારલાઓ ધ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ડૉ.અનિલભાઈ જોષીયારા ભિલોડા ધારાસભ્ય, કિર્તીકુમાર બારોટ મંત્રી ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ, ભિલોડા આદિવાસી વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ, ટ્રસ્ટી પ્રકાશકુમાર સડાત, પ્રશાંતભાઈ પાટડીયા, સરપંચ મનોજભાઈ પટેલ ભિલોડા ગ્રામ પંચાયત,મુકેશભાઈ ત્રિવેદી પ્રમુખ ભિલોડા વેપારી એસોસીએશન, મુકેશભાઈ મહેતા સામાજીક કાર્યકર, અગ્રણીઓ,વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીઓના માતા-પિતા,ભિલોડા તપોવન વિદ્યા મંદીરનો સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસામાંથી પાંચ મહિના અગાઉ ચોરાયેલા બે આઈવા ટ્રક પોલીસે ઝડપી પાડી

મોડાસા, તા. ૨૫
અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસે મોડાસા શહેરમાં ખુલ્લા કોમન પ્લોટમાં પાર્ક કરેલી બે આઈવા ટ્રકની ચોરી કરનાર તેમજ એક રેતી ભરેલા ટ્રકની ચોરી કરનાર ગેંગના સભ્યને ઝડપી પાડવામાં આવ્યો હતો. જેમાં રેતી ભરેલા ટ્રક મળી આવ્યો હતો. શહેરમાંથી સહયોગ ચોકડી નજીક દેવરાજ કોમન પ્લોટમાં પાર્ક કરેલી બે આઈવા ટ્રક નં. જીજે૨વીવી-૨૯૫૬ અને જીજેવીવી-૭૯૨ની અને દેવ બંગ્લોઝ આગળથી એક રેતી ભરેલી ટ્રકની ચોરી થતાં મોડાસા શહેરમાં ટ્રકમાલિક ચિંતીત બની ગયા હતા. જેની તપાસ મોડાસા એલ.સી.બી. પોલીસને સોંપવામાં આવતા મોડાસા એલ.સી.બી. પોલીસ પી.કે. પટેલ અરવલ્લી એલ.સી.બી. પોલીસના પી.આઈ. પી.કે. પટેલ તથા સ્ટાફ દ્વારા રાજસ્થાનના ભીલવાડા નજીકથી આ બન્ને આઈવા ટ્રક કિંમત રૂ. ૨૦૦૦૦૦૦ને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. અરવલ્લી જિલ્લા એલ.સી.બી.એ મોડાસા શહેરમાંથી ચોરી કરાયેલા ત્રણ આઈવા ટ્રકો ઝડપી પાડવામાં ૧૦૦ ટકા સફળતા મેળવી હતી અને



(તસવીર : જય અમીન, મોડાસા)

પરંતુ બે આઈવા ટ્રક જપ્ત કરવાના બાકી હોવાથી મોડાસા એલ.સી.બી. પી.આઈ. પી.કે. પટેલે ઝડપાયેલા આરોપીને ઉંડાણપુર્વક તપાસ હાથ ધરતા બે ચોરાયેલા આઈવા ટ્રક જપ્ત કરવામાં સફળતા મળી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા એલ.સી.બી. પી.આઈ. પી.કે. પટેલ અને સ્ટાફ દ્વારા રેતી ભરેલી ટ્રક સાથે ગોપાલ ઠુકાજી ભીમાજી ડાંગીને ઝડપી પાડ્યો હતો અને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવામાં આવ્યા હતા. જેમાં રીમાન્ડ દરમિયાન આરોપીએ ચોરાયેલ બન્ને આઈવા ટ્રકો અંગેની જાણકારી આપવામાં આવતા એલ.સી.બી. પી.આઈ. પી.કે. પટેલ ટ્રક ચોર ગેંગના આરોપી ગોપાલ ઠુકાજી ભીમાજી ડાંગીની વધુ ઝીણવટભરી તપાસ ચાલુ રાખતા આરોપી અને તેની ગેંગ દ્વારા વધુ વાહનચોરી અથવા આઈવા ટ્રકોની ચોરીના ગુન્હા ઉકેલવામાં આવે તેવી શક્યતા રહેલી છે.

## મહેસાણામાં મોદીપુર સ્થિત અન્નપૂર્ણા માતાજીના મંદિરે પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૫
મોદીપુર ગામની દેવભૂમિમાં આવેલ ઐતિહાસિક દેવસ્થાન અન્નપૂર્ણા માતાજીનો પાટોત્સવ ઉત્સાહ અને ઉમંગ સાથે મનાવવામાં આવશે.



મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકામાં આવેલ મોદીપુર ગામમાં ૧૩૪૪ વર્ષનું ઐતિહાસિક અન્નપૂર્ણા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વૈશાખ સુદ-૧૩ તા. ૧ મે, શુક્રવારના રોજ અન્નપૂર્ણા મંદિરે પાટોત્સવ નમિત્તે મહાયજ્ઞ યોજવામાં આવશે.

ભારત દેશમાં બનારસ ખાતે અન્નપૂર્ણા ધામ આવેલ છે. ગુજરાતનું આ અન્નપૂર્ણા ધામ અન્નપૂર્ણા શકિતપીઠ કાશીધામ તરકે ઓળખાશે. માં. અન્નપૂર્ણા દેવી વિશ્વના દરેક સમાજ-જ્ઞાતિ જેના ઘરે રસોડું હોય ત્યાં અન્નપૂર્ણા માતાજી સુક્ષ્મ સ્વરૂપે બિરાજમાન છે. પરંતુ અન્નપૂર્ણા માતાજી ગુજરાતમાં બ્રાહ્મણોમાં જાની, ભટ્ટ, ત્રિવેદી, અને ઉપાધ્યાય તેમજ રાજસ્થાનમાં બારોટ, રાવ, મહારાષ્ટ્રમાં પાટીલ, દમણમાં ખારવા અને સમગ્ર ભારતમાં લેઉઆ પાટીદાર સમાજના કુળદેવી તરીકે સ્વિકારાયા છે.

અન્નપૂર્ણા માતાજીના પાટોત્સવ પ્રસંગે દરેક ભકતોને દર્શન અને પ્રસાદનો લાભ લેવા કાશીતીર્થ ભૂમિમાં તન-મન અને ધનથી પધારવા શ્રી અન્નપૂર્ણા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટે જણાવ્યું છે.

## મોડાસાના ચારણવાડામાંથી ખુલ્લા ઢાળીયામાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો જપ્ત

મોડાસા, તા.૨૫
ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ગુજરાતમાં વિદેશી દારૂ પિનારા શોખીનો સૌથી વધારે જોવા મળે છે. ગાંધીનગરમાં રેન્જ આઈ.જી. તરીકે હસમુખ પટેલે ચાર્જ સંભાળતા જ અરવલ્લી જિલ્લામાં દારૂનો ધંધો કરતા અને વિદેશી દારૂનો સપ્લાય કરતા બુટલેગરો પોતાની હાટડીઓ બંધ કરીને ભુગર્ભમાં ઉતરી પડયા છે. પરંતુ અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂની તંગી સર્જાતા જિલ્લામાં નવા ખેલાડીઓ વિદેશી દારૂ વેચી નફો રળી લેવા નીત નવા નુસ્ખાઓ અપનાવતા નજરે પડે છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ચારણવાડા ગામમાં રહેતા રમણસિંહ અમરસિંહ પરમાર અને સુરેશકુમાર સોનસિંહ પરમાર છેલ્લા કેટલાક સમયથી વિદેશી દારૂ વેચવાનો શરૂ કર્યો હતો. જે અંગેની જાણ મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનને થતાં પી.એસ.આઈ. ઝાલા અને ચંદ્રસિંહ બાપુએ ચારણવાડા ગામમાં આજે સવારે ૧૦ વાગ્યાની આસપાસ છાપો મારતાં રમણસિંહ અમરસિંહ પરમાર (રહે. ચારણવાડા)ના ઘર નજીક પશુઓ બાંધવા બનાવેલા ઢાળીયામાંથી હુસેલ નીચે સંતાડીને રાખેલ વિદેશી દારૂ અને બિયરના ટીન કુલ ૮૮ નંગ કિંમત રૂ. ૧૫૨૦૦નો જથ્થો વગર પાસ પરમીટ અને ગેરકાયદેસર રીતે સંતાડી રાખેલો જથ્થો ઝડપી પાડયો. મોડાસા રૂરલ પોલિસે છાપા મારતાં વિદેશી દારૂનો વેપલો કરતાં રમણસિંહ અમરસિંહ પરમાર અને સુરેશકુમાર સોનસિંહ પરમારને જાણ થઈ જતાં નાસી છુટયા હતા. જે અંગે મોડાસા રૂરલ પોલીસે આ બંને આરોપીઓ વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂનો વેપલો કરતા આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## તલોદમાં કાર્યપાલક ઈજનેરની બદલીની માંગ સાથે કર્મચારી સંગઠનના હોદ્દેદારોના ઉપવાસ

તલોદ, તા. ૨૫
સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે ઉ.ગુ. વિજ કંપનીની તલોદ ડિવિઝનની કચેરીના પ્રવેશ દ્વાર આગળ આજે વિજ કંપનીના કર્મચારીઓ અને તેમના સંગઠનના હોદ્દેદારો ઉપવાસ આંદોલન પર બેઠા હતા. આમ કરીને તેઓએ કાર્યપાલક ઈજનેર સામેના ઈજનેર શેખની નીતિ રીતિથી નારાજ થયેલા કચેરીના કર્મચારીઓએ પોતાના સંગઠન એવા અખિલ ગુજરાત વિજ કામદાર સંગ દ્વારા કંપનીના ઉપરી અધિકારીને વારંવાર લેખિત રજુઆતો કરી હતી. છેલ્લા છ માસથી કર્મચારીઓની આ રજુઆતોને કંપની તરફથી પણ કોઈ પ્રતિભાવ સાંપડ્યો ખરાબ ન થાય તેવા શુભાશયથી યુનિયને પોતાની નૈતિક જવાબદારી અદા કરી આંદોલન સ્થગિત કર્યુ હતુ.

બાદ તા. ૬-૪-૧૫ અને તા. ૧૦-૪-૧૫ ના રોજ યુજીવીસીએલની મહેસાણા ખાતેની કોર્પોરેટ ઓફિસના મેનેજીંગ ડિરેક્ટરને રિમાઈન્ડર સાથે નોટીસ



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

સ્થગિત કરાયેલા આંદોલનને પુનઃ ગતીશીલ બનાવેલ છે. તલોદ ડિવિઝનના કાર્યપાલક ઈજનેર મિ. શેખ દ્વારા જોહુકમી કરવામાં આવતી હોવાનો, ભાગલા પાડો અને રાજ કરો જેવી કૂટનીતિ અખત્યાર કરાતી હોવાનો અને કર્મચારી યુનિયનને નુકશાન પહોંચાડવાનો બદ ઈરાદો હોવાનો હળહળતો આક્ષેપ અને દાવો કર્મચારી સંગઠનના સેક્રેટરી જનરલ જયપ્રકાશ પંડ્યાએ કરીને કા.પા. ઈજનેરની અન્યત્ર બદલી સીવાય કાંઈ ખપતુ નહિ હોવાનું એક મુલાકાતમાં જણાવ્યું હતું.

યુજીવીસીએલ તલોદ ડિવિઝનની કચેરીના કાર્યપાલક નથી. કર્મચારી સંગઠન માની રહ્યું છે કે, કા.પા. ઈજનેર દ્વારા કર્મચારી યુનિયનને નુકશાન પહોંચાડવાના બદઈરાદાથી ‘અન ફેર લેબર પ્રેક્ટિસ’ કરવામાં આવી રહી છે. જે થકી સભ્યોમાં ભય ફેલાવવાની અને આંતરિક વિગ્રહ કરાવવાની પ્રવૃત્તિ ચલાવવામાં આવી રહી છે. જે સામે આમ આંદોલનની કરવાની પ્રવૃત્તિ ચલાવવામાં આવી રહી છે. જે સામે આમ આંદોલન કરવાની ફરજ પડેલ છે. છેલ્લા ૬ માસથી આ આંદોલન ચાલી રહ્યું છે. પરંતુ માર્ચ એન્ડીંગ હોવાને કારણે કંપનીના પેટા મિટરની અસર ન પહોંચે અને તલોદ ડિવિઝનનું કોઈ સબ ડિવિઝનનું નામ અને કામ પાઠવીને સત્વરે ઉક્ત સમસ્યાનો હલ નહિ આવે તો ના છુટકે આકસ્મિક પગલા લેવાની અને જરૂર પડે હડતાળ પાળવાની પણ ફરજ પડશે તેવું અલ્ટિમેટન આપી દીધુ હતુ. પરંતુ નિરાકરણ ન આવતા આજે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનના ભાગરૂપે કર્મચારી સંગઠનના પાંચેક હોદ્દેદારો તલોદ ખાતે આમ પ્રતિક ઉપવાસ ઉપર બેઠા હતા. જેમાં પ્રતિદિન અન્ય હોદ્દેદારો અને કર્મચારીઓ ઉપવાસમાં જોડાનાર હોવાનું જામવા મળેલ છે. ત્યાર બાદ તા. ૨૬-૪-૨૦૧૫ થી આમરણાંત ઉપવાસ આંદોલનનું પણ યુનિયનની લડતના એજન્ડામાં હોવાનું સત્તાવાર રીતે જાણવા મળેલ છે.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા નવા ભવનાથમાં મુકબધિર બહેરા-મુંગા બાળકોની શાળામાં બાળકોને જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ ભારત વિકાસ પરીષદ શાખાના સેવાભાવી કાર્યકરો ધ્વારા કરાયું હતું. નવા ભવનાથ મુકબધિર બહેરા-મુંગા બાળકોની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ મુકેશભાઈ પંચાલ, જયદેવભાઈ પંચાલ, અમૃતભાઈ દરજી, કલ્યાણસિંહ પરમાર, વૈદરાજભાઈ ચાવડા,જગદીશભાઈ પટેલ,જીતુભાઈ ભાટીયા,ઉવર્શીબેન બરંડા, મુકબધિર બહેરા-મુંગા બાળકોની શાળાના શિક્ષકો અને સેવા ભાવી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. નવા ભવનાથમાં મુકબધિર બહેરા-મુંગા બાળકોની શાળામાં બાળકોને જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ ભારત વિકાસ પરીષદ શાખાના સેવાભાવી કાર્યકરો ધ્વારા કરાયું હતું. મુકબધિર બહેરા-મુંગા બાળકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## અમદાવાદમાં માઈક્રો સોફ્ટ ઓફિસ ચેમ્પિનશીપ યોજાઈ

### અમદાવાદમાં હેડ ઓફિસ ધરાવતી પ્રક્ષાલ ઈન્ફોટેક પ્રા.લિ. દ્વારા ગુજરાતમાં પ્રથમવાર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫
દેશ-વિદેશમાં અત્યારે આઈ.ટી. એન્જિનીયરીંગ ક્ષેત્રે પ્રોફેશનલ્સની ખૂબ માંગ છે. ત્યારે અભ્યાસક્રમોના સીલેબસમાં વ્યાપક પ્રમાણમાં ફેરફારો કરવા આવશ્યક છે. બી.ઈ.એમ.ઈ., આઈ.ટી. અને બીસીએ તેમજ એમસીએમાં સોપ્ટવેર અંગે પ્રેક્ટીકલ અને થીયરી બંનેનો સમાવેશ કરાયેલો છે. પરંતુ હાર્ડવેર અને નેટવર્કીંગ ક્ષેત્રે માત્ર થીયેરીકલ અભ્યાસક્રમ હોવાથી રાજ્ય સરકાર સહિત કેન્દ્ર સરકારને પણ આઉટસોર્સિંગ પર નિર્ભર રહેવું પડે છે.

અમદાવાદની પ્રક્ષાલ આઈટી એકેડેમી દ્વારા આજે ગુજરાતમાં પ્રથમવાર ‘માઈક્રોસોફ્ટ ઓફિસ વીથ ચેમ્પિયનશીપ’ના રિજીયોનલ રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રક્ષાલ ઈન્ફોટેક એ માઈક્રો સોફ્ટનું ટ્રેનિંગ પાર્ટનર છે જેની ભારતમાં ૧૬ શાખાઓ છે. તેમજ આઈએસઓ ૯૦૦૧:૨૪૦૮ સર્ટિફિકેટ ધરાવે છે. પ્રક્ષાલ ઈન્ફોટેકના ડીરેક્ટર શ્યામસિંઘ ધામીએ જણાવ્યું હતું કે આ સ્પર્ધામાં સિલેક્ટ થયેલ વિદ્યાર્થીઓ તા. ૯ થી ૧૨ ઓગસ્ટ દરમ્યાન અમેરિકાના ડલ્લાસ ખાતે યોજાનાર ફાઈનલમાં ભાગ લેશે. વર્ડ, એક્સેલ અને પાવર પોઈન્ટ એમ ત્રણ કેટેગરીના વિજેતાને ૫૦૦૦, ૨૫૦૦ અને ૧૦૦૦ ડૉલરની સ્કોલરશીપ આપવામાં આવનાર છે. પ્રક્ષાલ દ્વારા રાજ્ય સરકારને ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને તાલીમ અને નોકરી આપવામાં મદદ કરાઈ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરૂવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

## મેઘરજના પરિવર્તન ટ્રસ્ટના સંચાલકને રાષ્ટ્ર વિભૂષણ એવોર્ડ એનાયત કરાયો

મોડાસા, તા. ૨૫
નવી દિલ્હી ખાતે આવેલ ફાઉન્ડેશન ફોર એકલેરેટેડ કોમ્યુનિટી એનવાયરમેન્ટ દ્વારા મેઘરજ પરિવર્તન ટ્રસ્ટના સંચાલક જગદીશભાઈ પંડ્યાને સામાજીક અને આર્થિક ઉત્થાનની કામગીરી કરવા બદલ રાષ્ટ્ર વિભૂષણ એવોર્ડ અને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યુ હતુ. જગદીશભાઈ છેલ્લા ૧૪ વર્ષથી પછાત સમુદાયો માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. મહાભારતની સિરીયલમાં ભીમનુ પાત્ર કરનાર પ્રવીણભાઈ, વિશ્વ હિન્દુ પરિષદના સંયોજક શર્માજી અને દિલ્હી નગરપાલિકાના મેયરની ઉપસ્થિતિમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ માટે ગુજરાતના બે વ્યક્તિ પૈકી એક જગદિશભાઈનો સમાવેશ થવાથી તાલુકાના લોકો દ્વારા તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧